# સે-૩ ન્યુ ખાતે ગેરકાયદેસર દબાણ દુર કરવા વસાહતીઓની રજુઆત

ગાંધીનગર, તા,૬

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે ઘ-૧ પાસે ગેરકાયદેસર ઝુંપડાઓના દબાણ ઉભા થઈ ગયા છે. જેને પગલે વસાહતીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જયારે બીજીબાજુ સેકટરના આંતરીક માર્ગ અને સેકટરોમાં ટયુશન કલાસીસના બેનર અને બોર્ડ ઠોકી બેસાડી દીધા છે. ત્યારે સરકારી જમીનમાં આવા નકામાં બોર્ડ નીકાળી દેવા વસાહતીઓએ તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં તેમજ આંતરીક માર્ગો પર દબાણકારો પોતાનો અડીંગો જમાવી બેસી ગયા છે. શહેરમાં રાત્રે નથી વધતા તેટલા દબાણ દિવસે વધી ગયા છે.શહેરીતંત્ર માટે દબાણનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની ગયો છે. ત્યારે સેકટર-૩ ન્યું ખાતે ઘ-૧ પાસેના વિસ્તારમાં ઝુંપડાઓનું દબાણ મોટાપાયે થઈ જવા પામ્યું છે. ઝુંપડાધારકોના ત્રાસથી વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠયા છે. જયારે આ વિસ્તારમાં ગંદકી પણ મોટાપ્રણામાં ફેલાયેલી છે. જયારે નાગરીકોના જણાવ્યા મુજબ સેકટરના આંતરીક માર્ગો પર ટયુશન કલાસના સંચાલકોએ ઠેરઠેર સરકારી તંત્રની પરવાનગી વગર આડેધડ બોર્ડ તેમજ બેનર ચીપકાવી દીધા છે. ત્યારે નાગરીકોએ આ બોર્ડના દબાણ દુર કરવા પણ તંત્રને જણાવ્યું છે.

જયારે સેકટરના વળાંક પાસે ધુમ સ્પીડે વાહનો હંકારતા વાહનચાલકોને પગલે અકસ્માતની સંખ્યામાં પણ વિશેષ વધવા પામી છે. ત્યારે સે-૩ ન્યું પાસે વળાંક બનાવવા પણ તંત્ર સમક્ષ માંગ કરી છે. જયારે સેકટરમાં ઠેરઠેર ગંદકી જોવા મળી રહી છે. ત્યારે પાલીકના કર્મચારીઓ દ્વારા સફાઈ યોગ્ય થાય તો સેકટર સ્વચ્છ અને સુંદર બની શકે છે. તમામ દુવિધાઓથી સેકટરવાસીઓને મુકત કરાવવા નાગરીકોએ અનુરોધ કર્યો છે.



ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ ડી.પી.ઈ.ઓ. સંજયભાઈ પરમાર વર્ગ-૧ માં પસંદગી પામતાં અને મદદનીશ કમિશનર શાખા તરીકે નિયુક્તી થતાં તેમને આજે જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિ પરિવાર તરફથી ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા પ્રા.શિ. અધિકારી ડૉ. રાઠોડ સહિત આચાર્યો અને શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંજયભાઈએ સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી આપેલ સહકારના સંસ્મરણોને વાગોળી જે પ્રેમ અને હૂંફ મળ્યા છે તે ક્યારેય ભૂલશે નહિ તેમ જણાવ્યું હતું.

# કલોલમાં બુથ એજન્ટને તાલિમ કોંગ્રેસ દ્વારા અપાશે

નવસર્જન ગુજરાતના લક્ષ્યને પરિપૂર્ણ કરવા ગુજરાતની ૨૬ લોકસભા નિરિક્ષકો અને ૧૮૨ વિધાનસભા નિરિક્ષકોની નિમણૂંકો કરીને બુથ મેનેજમેન્ટ અંગે માઈક્રો પ્લાનીંગ કરીને ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દીધી છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા અપાયેલ માર્ગદર્શિકા પ્રમાણે જિલ્લા કોંગ્રેસે તમામ બેઠકો પર ચૂંટણીલક્ષી કામગીરી પ્રારંભી દીધી છે. જે સંદર્ભે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અને જિલ્લા નિરિક્ષકો,અખિલ ભારતીય કોંગ્રેસના મંત્રીઓ પણ ગુજરાતના જિલ્લે જિલ્લે કોંગ્રેસના સંગઠનને ચેતનવંતુ કરવા પ્રયાસ કાર્યક્રમો યોજીને કાર્યકરો અને પ્રજા સાથે સીધો પરામર્શ કરી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણીના જંગને જીતવા માટે વિધાનસભાના પ્રત્યેક બુથ પ્રમુખ અને સદસ્યોને તાલીમ આપવાના કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે. તા. ૭-૬-૧૭ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે પિરામિડ હોટલ, ચિરાગ સિનેમા પાસે કલોલ ખાતે શ્રીમતી વર્ષાતાઈ ગાયકવાડ, ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા નિરિક્ષક બળવંતસિંહ રાજપૂત વિગેરે આગેવાનોની ઉપસ્થિતિમાં બુથ કાર્યકરોને તાલીમ અને માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાનાર છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હે... ભગવાન તમે રામાયણ યુગમાં જ એન્વાયરમેંટ ડે ચાલુ કરાવી દીધો હોત તો અમારે હવે, એન્વાયરમેંટ બચાવવા આટલો શ્રમ ન કરવો પડેત...

# તાલુકાના બિયારણના ૬ ઉત્પાદકો વિક્રેતાઓને કારણદર્શક નોટીસ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના જંતુનાશક દવા અને રાસાયણિક ખાતર અને બિયારણના ૬ ઉત્પાદકો/વિક્રેતાઓની રેકર્ડ સંબંધિત અનિયમિતતાઓ ધ્યાને આવતા તેમને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવી છે. અનિયમિતતા દૂર કરવા માટે તાકિદ કરવામાં આવ્યા છે. બિયારણનો-૧, રાસાયણિક ખાતરના ૨ નમૂના તથા જંતુ. દવાનો-૧ નમૂનો પૃથ્થકરણ અર્થે પ્રયોગશાળામાં મોકલવામાં આપવામાં આવ્યા.

કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગાંધીનગરના અગ્રસચિવ અને ખેતી નિયામકશ્રી, ગાંધીનગરની સૂચનાથી સમગ્ર રાજયમાં જંતુનાશક દવા, રાસાયણિક ખાતર અને બિયારણના ઉત્પાદકો, વિતરકો સંબંધિત કાયદાઓની જોગવાઈઓ અને લાયસન્સની બોલીઓ અને શરતોનું ચુસ્ત પાલન થાય તે હેતુસર કુલ રાજયમાં ૨૫ સ્કોવર્ડની ટીમોની રચના કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં તા. ૨ જૂન, ૨૦૧૭ના રોજ આ સ્કોવર્ડની ટીમ દ્વારા અચાનક જિલ્લાના વિવિધ જંતુનાશક દવા, રાસાયણિક ખાતર અને બિયારણના ઉત્પાદકો/વિક્રેતાઓની મુલાકાત કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર તાલુકાના ૬ ઉત્પાદકો/વિક્રેતાઓના ત્યાં રેકર્ડ સંબંધિત અનિયમિતતાઓ ધ્યાને આવી હતી. જેથી તેમને બિયારણ કન્ટ્રોલ ઓર્ડર- ૧૯૮૩ના ખંડ ૮(એ), ૮(બી), ૧૮(૧)ના ભંગ બદલ તેમજ રાસાયણિક નિયંત્રણ હુકમ-૧૯૮૫ના ખંડ-૫ના ભંગ બદલ તથા જંતુનાશક દવા અધિનિયમ- ૧૯૬૮ના કલમ ૩-કે-૧ ના ભંગ બદલ કારણદર્શક નોટીસ પાઠવી અનિયમિતતાઓ દુર કરવા માટે તાકિદ કરવામાં આવ્યા છે.

તેમજ રાસાયણિક ખાતર-મિશ્ર માઈક્રોન્યુટ્રીયન્ટ (ગ્રેડ-૫)નો ૧૪૦ કિલોગ્રામ, તેમજ બિયારણના હા.કપાસના ૪૦૦ ગ્રામ પેકીંગના ૫૯૫ પેકેટ તેમજ શંકાસ્પદ જંતુ દવાનો ૮.૫ લિટર વેચાણ, હેરફેર કે નિકાલ ન કરવાની લેખિત જાણ કરવામાં આવી છે. તેમજ બિયારણનો-૧ નમૂનો, રાસાયણિક ખાતરના – ૨ નમૂના તથા જંતુનાશક દવાનો – ૧ નમૂનો લઇ પૃથ્થકરણ અર્થે પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા છે, તેવું નાયબ ખેતી નિયામક(વિ), ગાંધીનગરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અધ્યાપક સહાયકોએ પડતર પ્રશ્નો અંગે શિક્ષણમંત્રીને બુક આપી આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૬

સમગ્ર ગુજરાતની વિવિધ અનુદાનિત કોલેજોમાં ફિકસ પગારમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો તેમના પડતર પ્રશ્નો અંગેની રજુઆત માટે આજે સચિવાલય ખાતે આવી પહોંચ્યા હતા. જયારે સહાયક અધ્યાપકોએ નવતર અભિગમ દાખવી કરી છે. જેમાં ૧૯૯૮ થી ૨૦૧૬ સુધીમાં નિમણુંક પામેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો-કર્મચારીઓને સરકાર દ્વારા ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવ્યું છે. તે મુજબનું અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું સંપૂર્ણ રક્ષણ આપવામાં આવે તેમજ જે કરવામાં આવે, અધ્યાપક સહાયકોના તમામ પડતર પ્રશ્નોની રજુઆત શિક્ષણમંત્રીએ ધ્યાનથી સાંભળી આ અંગે યોગ્ય નિરાકરણ લાવવા માટે હૈયાધારણા આપી છે. જયારે અત્યારે હાલના સમયે અધ્યાપક સહાયકોને ઉચ્ચક ફિકસ પગાર તેમજ વાર્ષિક માત્ર ૧૨ સીએલ સિવાય અન્ય કોઈજ



શિક્ષણમંત્રીને બુકે નહીં પરંતુ બુક આપી પોતાના પડતર પ્રશ્નો અંગે ધારદાર રજુઆત કરી હતી. જયારે સચિવાલય ખાતે આવી પહોચેલા ૨૦૦ થી પણ વધુ સહાયક અધ્યાપકોએ મંગળવારે ખાદી પહેરવાની રાજય-રાષ્ટ્ર હિતની ઝુંબેશને ધ્યાને રાખી આગવો અભિગમ અપનાવ્યો હતો.

રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને બુકે નહીં પરંતુ બુકના અભિગમ સાથે અનુદાનિત કોલેજના સહાયક અધ્યાપકોએ પોતાની પડતર માંગણીઓની રજુઆત અધ્યાપકોને ફાજલ કર્યા છે તેઓને ફરીવાર નોકરીમાં સમાવેશ કરવો, વર્ગ-૩ અને વર્ગ-૪ના ફિકસ પગારની નિતી હેઠળ નિમણુંક પામેલા કર્મચારીઓનો પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો તેમજ નોકરી વિષયક સેવા ધ્યાને લેવામાં આવે છે. તેવી જ રીતે સહાયક અધ્યાપકોનો પણ પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો કાયમી સેવા સાથે સળંગ ગણવામાં આવે તેમજ સિનિયોરીટી, બઢતી અને ઉચ્ચતર પગાર ઈજાફા-ધોરણો સહિતના લાભ આપીને સેવાની શરતોમાં સુધારો લાભ મળતા નથી. જયારે વર્ગ-૩ અને ૪ના ફિકસ પગારના કર્મચારીઓ જેવા લાભ અધ્યાપકોને આપવામાં આવતા નથી. અધ્યાપક સહાયકોને જો સરકાર દ્વારા ફાજલ રક્ષણનો લાભ આપવામાં નહી આવે તો ટુંક સમયમાં ઘણા અધ્યાપક સહાયકોને નોકરી ગુમાવવાનો વારો આવી શકે તેમ છે. ત્યારે સરકાર પડતર માંગણી સ્વીકારવામાં નહી આવે તો અધ્યાપક સહાયકોએ ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# શિહોલી મોટી ગામે ભાજપ દ્વારા બુથ લેવલની બેઠક યોજાઈ

રાજયભરમાં નવ દિવસ માટે જે તે બુથ લેવલે વિસ્તારકોએ શરુ કરેલી વિશેષ કામગીરી અંતર્ગત ભાજપ દ્વારા ગરીબ કલ્યાણ વર્ષમાં પ્રજા લક્ષી ગરીબલક્ષી યોજનાની માહિતી જન જન સુધી પહોંચાડવા માટે વિસ્તારક તરીકે દશેલા, મોતીપુરા, શિહોલી મોટી ગામે કામગીરીરૂપે બેઠકો યોજાઈ હતી. ભાજપના મહાનુભાવો, હોદ્દેદારો કાર્યકરો તથા જાગૃત નાગરિકો દ્વારા વિસ્તારક લેવલની બેઠક દશેલા ગામે યોજાઈ હતી. ચાર જિલ્લા પંચાયતની ૧૨૪ બુથ લેવલની કામગીરીમાં સરકારની યોજનાની સફળ વિકાસગાથા, પ્રજાકીય સંપર્ક ડોર ટુ ડોર અભિયાન રૂપે આરંભાઈ ચુકયું છે ત્યારે શિહોલી મોટી ગામે વિસ્તારક તરીકેની બુથ લેવલની એક બેઠક વિધાનસભાના ઉપાધ્યક્ષ ધારાસભ્ય શંભુજી ઠાકોરે તથા તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, ગામના સરપંચ હીરાબેન પટેલ, અગ્રણી દશરથભાઈ પટેલ આગેવાનો સહિત એલીગન્સ સોસાયટીમાં યોજાઈ હતી.


स्वच्छ भारत मिशन
एक कदम स्वच्छता की ओर
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય પ્રધાનમંત્રી

વરિષ્ઠ નાગરિકોને
બસ ભાડામાં ૫૦%
રાહત આપતી



શ્રી વિજય રૂપાણી
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

ગુજરાતના વડીલજનોને સમર્પિત
શ્રવણ તીર્થ દર્શન યોજના



૧લી મે, ૨૦૧૭ થી શુભારંભ

**તીર્થસ્થાને જવા માટે યોગ્યતાનાં માપદંડ :**

- ગુજરાત રાજ્યમાં વસતા સિનિયર સિટીઝન યોગ્યતાને પાત્ર.
- ૬૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા નાગરિક.
- પતિ-પત્ની એકસાથે યાત્રા કરતા હોય તો બે પૈકી એકની વય ૬૦ વર્ષ કે તેથી વધુ હોવી જરૂરી.
- ઓછામાં ઓછા ૪૫ વ્યક્તિઓએ યાત્રા માટે ગ્રૂપ બનાવીને સમૂહ અરજી કરવી જરૂરી.
- એક નાણાકીય વર્ષમાં એક વાર લાભ મળી શકશે.

**યાત્રા માટે સહાય :**

- ગુજરાતના યાત્રાધામો માટે બે રાત્રિ અને ત્રણ દિવસ સુધીના પ્રવાસની મર્યાદામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર.
- 'શ્રવણ તીર્થદર્શન યોજના' અંતર્ગત એસ.ટી. અથવા ખાનગી બસનું ભાડું, બેમાંથી જે રકમ ઓછી હોય તેની ૫૦% રકમની સહાય.

**અરજી પ્રક્રિયા :**

- અરજી બે નકલમાં, બે પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા સાથે કરવી.
- આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, રેશનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ પૈકી કોઈ એકની "સ્વપ્રમાણિત નકલ" અરજી સાથે બીડવી.
- અરજીમાં દર્શાવેલ નામવાળી વ્યક્તિ જ યાત્રા કરી શકશે.
- ૭૫ વર્ષ કરતાં વધુ વય ધરાવતી વ્યક્તિ પોતાની સાથે એટેન્ડન્ટને લઈ જઈ શકશે, ભલેને તેની ઉંમર ૬૦ કરતાં નાની હોય.
- ગુ.રા.મા.વા.વ્ય.નિ. (એસ.ટી.) બસભાડાની ૫૦% રકમ લઈ બસનું બુકિંગ કરશે.
- પ્રવાસમાં વૃદ્ધ યાત્રાળુઓની તબીબી દેખરેખ માટે કોઈ ડોક્ટર કે કંપાઉન્ડરને લઈ જવા માગતા હોય તો તે માટે ઉંમરનો બાધ નહિ.
- ખાનગી બસ મારફતે પ્રવાસ કરવામાં આવે તો બસ નંબર દેખાય તે રીતેનો બસના બધા યાત્રીઓ સાથેનો ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.
- અરજીમાં યાત્રા તારીખ સ્પષ્ટપણે જણાવવાની રહેશે.
- અરજીની મંજૂરી મળ્યા બાદ બે માસમાં યાત્રા કરવાની રહેશે.
- ગુ.રા.મા.વા.વ્ય નિગમની (એસ.ટી.) ૧૬ વિભાગીય કચેરીઓ ખાતે લેખિતમાં અથવા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને ઓનલાઈન અરજી કરવાની રહેશે.

"શ્રવણ તીર્થદર્શન યોજનાથી રાજ્યના વરિષ્ઠ નાગરિકોને ગુજરાતના યાત્રાધામોના દર્શન કરવાની ઉત્તમ તક"

શ્રી નીતિનભાઈ પટેલ
માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
ગુજરાત
Ph.: +91 79232 52468
www.yatradham.gujarat.gov.in